## સંક્ષિપ્ત સમાચાર

### મોરદેવી મુખ્ય પ્રાથમિક શાળામાં વાર્ષિક મહોત્સવ યોજાયો



વાલોડ: તાપી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત મોરદેવી મુખ્ય પ્રાથમિક શાળા દ્વારા ભવ્ય વાર્ષિક મહોત્સવ, ઇનામ વિતરણ, વિદાય કાર્યક્રમ તથા આનંદ મેળો ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે મોરદેવી દૂધમંડળીના પ્રમુખ નટુભાઈ બી.પટેલ ગામના અગ્રણી વિકેશભાઈ દેસાઈ, વર્ગ શિક્ષિકા દમયંતીબેન, સન્મુખભાઈ સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ખેલ મહાકુંભ અંતર્ગત તાલુકા અને જિલ્લા કક્ષાના વિજેતા બાળકોને આકર્ષક ટ્રોફી તેમજ મેડલ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં તેમજ કાર્યક્રમ અંતર્ગત શાળામાં 100% હાજરી ધરાવતાં બાળકોને શાળાના શિક્ષકો તરફથી લકી ડ્રો કરી સાઇકલનું ઇનામ અને બાકીનાં બાળકોને દફતર તથા નોટબુક આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન છાયાબેને કર્યું હતું. ધોરણ આઠનો વિદાય કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

### કડોદમાં નિ:શુલ્ક સિવણ કોર્સનો પ્રારંભ



કડોદ: સમગ્ર દક્ષિણ ગુજરાત અને વિદેશમાં જેની સેવાની સુવાસ ફેલાઇ છે તેવા સેવાયજ્ઞ ટ્રસ્ટ, કડોદ પ્રેરિત અને દિવાળીબેન ટ્રસ્ટ, બારડોલી સંચાલિત નિ:શુલ્ક સિવણ કોર્સ તથા બ્યુટી પાર્લર કોર્સ કડોદ ખાતે પ્રારંભ કરવામાં આવ્યો છે. સેવાયજ્ઞ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે, જેમાં દિવાળીબેન ટ્રસ્ટ, બારડોલી દ્વારા સતત સહયોગ મળી રહ્યો છે. સેવાયજ્ઞ ટ્રસ્ટ, કડોદ દ્વારા તેમનું સેવાનું ફલક વિસ્તૃત કરી બહેનોને આત્મનિર્ભર બનાવવા દિવાળીબેન ટ્રસ્ટ, બારડોલીના સહયોગથી કડોદ વિભાગની બહેનો સિવણ તથા બ્યુટી પાર્લરનું કામ કરી પગભર બની પરિવારનું ગુજરાન ચલાવી પ્રગતિ કરે તેવી ભાવનાથી નિ:શુલ્ક વર્ગોનો પ્રારંભ સહકારી અને ખેડૂત આગેવાન કિરણભાઈ ડી.પટેલ હસ્તે શ્રીફળ વધેરી કરવામાં આવ્યું છે.

### અંબિકા તાલુકામાં નવા પોલીસ સ્ટેશનનું લોકાર્પણ



સલીમ દિવાન

ભોરિયા: મહુવા તાલુકાના વિભાજન બાદ નવી રચાયેલ અંબિકા તાલુકામાં કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલારૂપે નવા પોલીસ સ્ટેશનનું લોકાર્પણ નાયબ મુખ્યમંત્રીના હસ્તે વિધિવત રીતે કરવામાં આવ્યું હતું. અંબિકા તાલુકાની રચના બાદ વિસ્તારની વસ્તી, વિકાસ અને સુરક્ષા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અલગ પોલીસ સ્ટેશનની જરૂરિયાત અનુભવાઈ રહી હતી. આ જરૂરિયાતને પૂરી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ઝડપી કાર્યવાહી કરી નવા પોલીસ સ્ટેશનની સ્થાપના કરવામાં આવી છે. નવા પોલીસ સ્ટેશનમાં કુલ 21 જેટલા પોલીસ સ્ટાફની ફાળવણી કરવામાં આવી છે, જેમાં પોલીસ ઇન્સ્પેક્ટર, સબ ઇન્સ્પેક્ટર, હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. આ પોલીસ સ્ટેશન શરૂ થવાથી વિસ્તારના ગામોમાં કાયદો અને વ્યવસ્થા વધુ સુંવાળી બનશે તેમજ ગુનાઓ પર ઝડપી નિયંત્રણ મેળવી શકાશે. અગાઉ મહુવા તાલુકા હેઠળ આવતાં આ વિસ્તારોમાં પોલીસ પહોંચવામાં વિલંબ થતો હતો, પરંતુ હવે અંબિકા તાલુકામાં જ પોલીસ સ્ટેશન હોવાને કારણે ફરિયાદોનો તાત્કાલિક નિકાલ શક્ય બનશે. આથી પ્રજામાં સુરક્ષાની ભાવના વધુ મજબૂત બનશે.

### બારડોલીમાં વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે જનજાગૃતિ રેલી




બારડોલી: વિશ્વ ક્ષય દિવસની ઉજવણીના ભાગરૂપે આજે બારડોલી ખાતે આરોગ્ય વિભાગ દ્વારા ટીબી રોગ પ્રત્યે લોકજાગૃતિ લાવવા માટે એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા આરોગ્ય કચેરી બારડોલી અને જિલ્લા ક્ષય કેન્દ્ર, સુરત ગ્રામ્યના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજને ક્ષયમુક્ત બનાવવાનો હતો. આ જાગૃતિ રેલીનો પ્રારંભ બારડોલીની ઐતિહાસિક સત્યાગ્રહ હોસ્પિટલથી કરવામાં આવ્યો હતો. રેલીમાં હોસ્પિટલના તબીબો, નર્સિંગ સ્ટાફ, આરોગ્ય કર્મચારીઓ અને સ્થાનિક નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

### વિશ્વ ટીબી દિન: ભરૂચમાં ક્ષય રોગની જનજાગૃતિ માટે રેલી યોજાઈ




ભરૂચ: વિશ્વ ટીબી દિન નિમિત્તે ભરૂચ જિલ્લામાં ક્ષયરોગ અંગે જનજાગૃતિ લાવવા માટે વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં જિલ્લા આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે આરોગ્ય કર્મચારીઓ અને નર્સિંગના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રસંગે CDHO ડો.મુનિરા શુક્લા, RCHO ડો.હસમુખ, DTO ડો.વાય. એમ. માસ્ટર, DTC MO ડો.પૂનમ તાંબા, તાલુકા હેલ્થ ઓફિસર, NTEPના કર્મચારીઓ તેમજ જનરલ હેલ્થ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

## પરબમાં રાંધણ ગેસના કાળા બજાર

**LCBએ** ઓમ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં દરોડા પાડ્યા

**34.18 લાખનો** મુદ્દામાલ જપ્ત, 8 આરોપીની ધરપકડ



ઈલ્યાસ શેખ

પલસાણા: સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે એક સફળ ઓપરેશન પાર પાડીને કામરેજના પરબ ગામની હદમાં ચાલતા રાંધણ ગેસના ગેરકાયદે વેચાણના નેટવર્કને ખુલ્લું પાડ્યું છે. હાલમાં દેશમાં પ્રવર્તતી રાંધણ ગેસની અછતનો ફાયદો ઉઠાવીને 'ગો ગેસ' એજન્સીના ગ્રાહકોને ફાળવવામાં આવેલો જથ્થો એજન્સી પર ખાલી કરવાને બદલે રસ્તામાં જ ઊંચા ભાવે કાળાબજારમાં વેચી દેવાનું કૌભાંડ પકડાયું છે.

પોલીસને મળેલી બાતમીના આધારે પરબ ગામની ઓમ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, વિભાગ-16માં રસ્તા ઉપર તપાસ કરતા આઈસર પ્રો ટેમ્પો નં.(GJ-06-BV-6940)માંથી ગેસના બોટલો ઉતારીને અન્ય નાનાં વાહનોમાં ભરવાની પ્રવૃત્તિ ચાલતી હતી. આ જોખમી પ્રવૃત્તિમાં કોઈપણ અગ્નિશામક સાધનો કે ફાયર સેફ્ટીની સુવિધા વિના જ્વલનશીલ પદાર્થોની હેરાફેરી કરવામાં આવતી હતી. પૂછપરછમાં બહાર આવ્યું કે 1950ની કિંમતનો ઘરેલુ ગેસનો બોટલ 2350માં એજન્સીના માણસો વેચતા હતા, જે આગળ જઈને ગ્રાહકોને 3000થી 4000માં મોંઘા ભાવે પધરાવવામાં આવતો હતો. આ ગુનામાં પોલીસે સ્થળ પરથી 8 આરોપીની ધરપકડ કરી છે, જેમાં ગોરખ ઉત્તમ જગતાપ, દેવાલાલ રામેશ્વરલાલ કલાલ, પવનકુમાર લાદુલાલ મેવાડા, સંપતરાજ વિજયરાજ મેવાડા, નિર્મલકુમાર વિજયરાજ મેવાડા, અનમોલ લક્ષ્મીનારાયણ રાવ, વિષ્ણુ જગદીશચન્દ્ર રાવ અને સંતોષ સ્વાલાલજી કલાલનો સમાવેશ થાય છે. આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર અને શ્રી રામદેવ ગેસ એજન્સીનો માલિક કનૈયાલાલ ભંવરલાલ કલાલ (રહે.,ઉંભેળ) હાલ પોલીસ પકડથી દૂર હોવાથી તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

પોલીસે કાર્યવાહી દરમિયાન 5,50,122ની કિંમતના કુલ 229 ભરેલા અને 153 ખાલી ગેસ સિલિન્ડર જપ્ત કર્યા છે. આ ઉપરાંત બે આઈસર ટેમ્પો, એક ટાટા છોટા હાથી, હોન્ડા એક્ટિવા અને બે મોટરસાઈકલ મળીને કુલ 27,75,000નાં વાહનો કબજે લીધાં છે. આરોપીઓની અંગજડતીમાંથી 7 મોબાઈલ ફોન અને 43,500 રોકડા પણ મળી આવ્યા છે. આમ, કુલ 34,18,622 ના મુદ્દામાલ સાથે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

### હરિપુરામાં કામ-ધંધા બાબતે પત્ની સાથેની બોલાચાલીમાં પતિએ ફાંસો ખાધો

પલસાણા: પલસાણા તાલુકાના હરિપુરા ગામે 42 વર્ષીય યુવકે પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. હરિપુરા નવી કોલોનીમાં રહેતા અજયભાઈ રમેશભાઈ રાઠોડ (ઉં.વ.42) રવિવારે સંદલપુર ખાતે પોતાની સાસરીમાં ગયા હતા. ત્યાં પત્ની સાથે કામ-ધંધો ન કરવા બાબતે બોલાચાલી થતાં અજયભાઈ પરત પોતાના ઘરે હરિપુરા આવી ગયા હતા. રાત્રિના આશરે દસ વાગ્યાના સુમારે પાડોશમાં રહેતા તેમના સંબંધી સીબીબેન જ્યારે તેમને જમવાનું આપવા ગયા ત્યારે અજયભાઈ ફાંસો ખાધેલી હાલતમાં જણાયા હતા. આ બનાવ અંગે મૃતકની પત્ની કાજલબેન રાઠોડે કડોદરા GIDC પોલીસમથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## પલસાણાના જોળવામાં બે મિત્રને ચપ્પુના ઘા ઝીંકાયા, એક ગંભીર

**બહેનપણીની** બહેનને મેસેજ કરવા બાબતે થયેલી બોલાચાલી બાદ હુમલો

પલસાણા: પલસાણા તાલુકાના જોળવા ખાતેની સાંઈદીપ સોસાયટીમાં સૂરજ પબ્લિક સ્કૂલ પાસે સામાન્ય બોલાચાલીએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં એક યુવક પર ચપ્પુના ઘા ઝીંકી તેને જાનથી મારી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ફરિયાદ મુજબ ૨૨ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રે ૨૩ વર્ષીય આકાશ કેશવકાંત મિશ્રા (રહે., આદર્શનગર, સચિન હાઉસિંગ સોસાયટી, પ્લોટ-૧૧૮૧, કણસાડ રોડ સુરત, મૂળ મઝવા, ઉત્તર પ્રદેશ) તેના મિત્ર ધીરજ પાલ સાથે જોળવા ગામની સાઈદીપ સોસાયટીમાં ઊભો હતો. તે સમયે ત્યાં હાજર રાહુલ અને હાર્દિક નામના શખ્સો સાથે આકાશની બોલાચાલી થઈ હતી. બનાવનું મુખ્ય કારણ એ હતું કે રાહુલ, આકાશની બહેનપણીની બહેનને અવારનવાર મેસેજ કરતો હતો. આ બાબતે આકાશ તેને સમજાવવા ગયો ત્યારે ઉશ્કેરાયેલા રાહુલ અને હાર્દિકે તેની સાથે ઝપાઝપી શરૂ કરી હતી. ઝઘડો વધતા સોહમ ઉર્ફે કાલુ બાદશાહ અને માર્શલ નામના અન્ય બે શખ્સ પણ ત્યાં પહોંચી ગયા હતા. આ દરમિયાન કાલુ બાદશાહે આકાશને પાછળથી પકડી રાખ્યો હતો અને માર્શલે તેની પાસે રહેલા ચપ્પુ વડે આકાશના માથામાં અને પેટના ભાગે ગંભીર ઘા માર્યા હતા. જ્યારે આકાશનો મિત્ર ધીરજ તેને બચાવવા વચ્ચે પડ્યો, ત્યારે હુમલાખોરોએ તેના પર પણ ચપ્પુથી હુમલો કરી મોઢા અને છાતીના ભાગે ઇજાઓ પહોંચાડી હતી.

હુમલા બાદ બંને ઇજાગ્રસ્તને તાત્કાલિક સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં આકાશની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. આ મામલે આકાશની માતા મીનાક્ષીબેન મિશ્રાએ પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે રાહુલ, હાર્દિક, કાલુ બાદશાહ અને માર્શલ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સોનગઢના મોટા બંધારપાડા પાસે રિક્ષા પલટી, મહિલા ગંભીર

સોનગઢ: સોનગઢ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવતા મોટા બંધારપાડાથી વ્યારા જતાં માર્ગ પર અકસ્માત સર્જાયો હતો. ગત તા.23/3/2026ના રોજ સવારે આશરે 6 વાગ્યે રિક્ષા ચાલકે પોતાની રિક્ષા પૂરઝડપે હંકારી રોડ પરના બમ્પર પરથી ઉછાળતાં રિક્ષા પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર એક મહિલાને પાંસળીના ભાગે ગંભીર ફ્રેક્ચર થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

અંકિતભાઈ અંબેલાલભાઈ ગામીત (રહે.,ચકવાણ, સોનગઢ)નાં સાસુ મીનાબેન જગદીશભાઈ ગામીત અન્ય મુસાફર જીતુભાઈ સાથે રિક્ષા નં.(GJ-19-WB-0828)માં બેસીને કામ અર્થે વ્યારા જઈ રહ્યાં હતાં. મોટા બંધારપાડા ગામની સીમમાં જ્યાં પુલનું કામ ચાલતું હોવાથી રોડ પર માટીના બમ્પર બનાવેલા હતા, ત્યાં રિક્ષા ચાલક રાજેશભાઈ રવિંદ્રભાઈ ગામીત (રહે.,સાંઢકૂવા, સોનગઢ)એ રિક્ષા પૂરઝડપે ચલાવતાં તેણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતને પગલે મીનાબેનને જમણી બાજુ પાંસળીમાં ફેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે વ્યારા જનરલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. સોનગઢ પોલીસે આ મામલે રિક્ષા ચાલક વિરુદ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.



## વ્યારામાં ITIના વિદ્યાર્થીઓએ હાઈવે ઉપર ચક્કાજામ કર્યો

**આચાર્યની** મનમાની અને પાણી-વોશરૂમની સમસ્યા સામે વિરોધ

વ્યારા: ઈન્દુ ગામે આઈટીઆઈમાં પાણી સહિતના પ્રશ્નો નહીં ઉકેલાતાં વિદ્યાર્થીઓએ હાઈવે પર ચક્કાજામ કર્યો હતો.

વ્યારામાં ઈન્દુ સ્થિત આઈટીઆઈના વિદ્યાર્થીઓ પ્રિન્સિપાલના મનસ્વી વલણ સહિત ITIમાં પાણી તેમજ વોશરૂમમાં પડતી મુશ્કેલીનો હલ લાવવામાં ન આવતાં રોષે ભરાયા હતા અને ITI પાસે વ્યારાથી માંડવી જતા વાપી-શામળાજી હાઈવે નં.56 પર બેસી હાઈવે ચક્કાજામ કરી વિરોધ કરતાં પોલીસ દોડતી થઈ હતી. તેમજ હાઈવે પાસે ITIનો મુખ્ય દરવાજો બંધ કરી દેવામાં આવતાં વિદ્યાર્થીઓને બસ સ્ટેન્ડ સુધી ફરીને આવવાની નોબત આવે છે. ત્યારે વિદ્યાર્થીઓએ આચાર્યની મનમાનીના આક્ષેપ કરી રોષ ઠાલવ્યો હતો. તેમજ પોતાની માંગણીઓ પૂરી કરવા સહિત ITIના પ્રિન્સિપાલ સામે હાય... હાય...ના સૂત્રોચ્ચાર કર્યા હતા.

## જંબુસરમાં બસ નીચે યુવકનો પગ કચડાયો

**બસ** ડ્રાઈવરે ધ્યાન ન રાખતાં મુસાફરને અકસ્માત, લોકોમાં આક્રોશ



ભરૂચ: જંબુસર ખાતે આવેલા એસટી ડેપોમાં બસ ડ્રાઈવરની ગંભીર બેદરકારીના કારણે એક ગોઝારો અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. જંબુસર એસટી ડેપોમાંથી બસ રવાના થવાની તૈયારીમાં હતી ત્યારે ડ્રાઈવરે પૂરતી સાવચેતી રાખ્યા વિના જ બસ આગળ ધપાવી દીધી હતી. આ દરમિયાન નજીકમાં જ ઊભેલા મુસાફર નોમાન અલ્લી પટેલનો પગ સીધો બસના ટાયરની નીચે આવી જતાં અત્યંત ગંભીર ઈજા પહોંચી હતી. યુવાનનો પગ ટાયર નીચે કચરાઈ જતાં ઘટના સ્થળે અફરાતફરી અને ગભરાટનો માહોલ સર્જાયો હતો.

અકસ્માત થતાં જ ડેપોમાં હાજર અન્ય મુસાફરો તથા સ્થાનિક લોકો તુરંત જ દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તના પગમાં ગંભીર ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. લોકોએ તાત્કાલિક 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સનો સંપર્ક કરતા, ઘાયલ યુવાનને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતને પગલે લોકોમાં ભય અને રોષની લાગણી ફાટી નીકળી હતી અને બસ ડ્રાઈવરની બેદરકારી સામે ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ ઘટના બાદ એસટી તંત્રની કામગીરી અને મુસાફરોની સલામતી અંગે અનેક સવાલો ઊઠી રહ્યા છે. ડેપો જેવાં જાહેર સ્થળોએ બસોની અવરજવર દરમિયાન જરૂરી સુરક્ષા પગલાં, ડ્રાઈવરોને અપાતી સૂચનાઓ અને મુસાફરોની સલામતી માટે રખાતી તકેદારીના મુદ્દાઓ ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરી બેદરકારી દાખવનાર જવાબદાર ડ્રાઈવર સામે કડક કાર્યવાહીની માંગ ઊઠી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુંદરપુરમાં બકરાનો શિકારી દીપડો પાંજરામાં કેદ



વ્યારા: ઉચ્છલના સુંદરપુર ગામમાં પાંચ જેટલાં બકરાનો શિકાર કરનારો દીપડો વન વિભાગે મૂકેલા પાંજરામાં કેદ થઈ જતાં ગ્રામજનોને હાશકારો થયો હતો. સુંદરપુરના કોંકણી ફળિયામાં દીપડાએ પાંચ બકરાંનું શિકાર બનાવતા લોકોમાં ભયભીત થયા હતા. જો કે, વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે પાંજરું મૂકવામાં આવતાં ગત 23-03-2026ના રોજ રાત્રિના નવ વાગ્યાના અરસામાં અંદાજિત 2 વર્ષનો દીપડો મારણની લાલચમાં આવી પાંજરામાં પુરાતાં ગામના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. વન વિભાગ દ્વારા પકડાયેલા દીપડાને સુરક્ષિત જંગલમાં છોડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

### ટીમ્બરવા પાસે આધેડે ટ્રેન નીચે પડતું મૂક્યું

બારડોલી: બારડોલી રેલવે આઉટ પોસ્ટ વિસ્તારમાં એક અજાણ્યા પુરુષે ટ્રેન નીચે પડતું મૂકી જીવન ટુંકાવ્યું હતું. પોલીસ રિપોર્ટ અનુસાર ગત તારીખ 23/03/2026 ના રોજ રાત્રે ટીમ્બરવા રેલવે સ્ટેશન માસ્તર ઓફિસની સામે ઘટના બની હતી. અંદાજે 45 વર્ષના આ અજાણ્યા પુરુષે સુરત-નંદુરબાર મેમું ટ્રેન નીચે પડતું મૂકી દેતાં ગળાના ભાગેથી કપાઈ જવાથી તેનું મોત નીપજ્યું હતું.

### મટાવલ ચેકપોસ્ટ પાસે બુટલેગર ઝડપાયો



કુકરમુંડા: કુકરમુંડા પોલીસે પ્રોહિબિશનના ગુનામાં લાંબા સમયથી ફરાર ડેડિયાપાડાના આરોપી આસીફ અલી ઉર્ફે પૈયો મોગલને મટાવલ ચેકપોસ્ટ પાસેથી ઝડપી પાડ્યો છે. ફેબ્રુઆરી માસમાં ટાટા અલ્ટ્રોઝ કારમાંથી રૂ.3.48 લાખનો વિદેશી દારૂ ઝડપાયો હતો, જેમાં આ આરોપી વોન્ટેડ હતો. અગાઉ ત્રણ શખ્સ પકડાઈ ચૂક્યા છે.

### ધામણદેવી ગામે વૃદ્ધાની લાશ મળી

વ્યારા: ગત તા.22-3-2026ના રોજ બપોરે 11.45 વાગ્યાના અરસામાં ડોલવણના ધામણદેવીમાં જંગલમાં સૂકા કોતરમાં અજાણી વૃધ્ધા (ઉં.વ. આશરે 75)નો કહોવાયેલી અવસ્થામાં મૃતદેહ મળી આવ્યો હતો. જેની જાણ ગામમાં રહેતા બીપીનભાઈ રમેશભાઈ કોંકણીએ ડોલવણ પોલીસને કરી હતી.

### વરેલીથી વતને જવા નીકળેલા આધેડ ગુમ

પલસાણા: વરેલી ગામે ગીતગોવિંદ સોસાયટીમાં રહેતા ૪૮ વર્ષીય રાજેશભાઈ સ્વામીદીન ગુપ્તા ૧૪ માર્ચથી ગુમ થયા છે. વતન મધ્યપ્રદેશ જવા નીકળેલા રાજેશભાઈ ઘરે પરત ન ફરતા કે વતનમાં ન પહોંચતાં તેમની ૨૧ વર્ષીય પુત્રી રેણુકાબેને કડોદરા GIDC પોલીસ મથકે જાણ કરી છે. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

### પાનોલીમાં 1.40 લાખના કેબલની ચોરી

અંકલેશ્વર: હોળીના તહેવાર દરમિયાન કામકાજ બંધ હોવાથી અંકલેશ્વરના પાનોલી GIDC સ્થિત જેટકો સબ સ્ટેશનના ગેટ પાસે રાખેલા કેબલ ડ્રમમાંથી અજાણ્યા શખ્સો 108 મીટર લાંબો 11 KVનો કેબલ કાપીને ચોરી ગયા હતા. કોન્ટ્રાક્ટર વિવેકભાઈ મોદીએ આ અંગે અંદાજે રૂ.1.40 લાખની મતાની ચોરી અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

### પાલેજમાં જુગાર રમતાં બે ઝડપાયા

ભરૂચ: પાલેજ પોલીસને પેટ્રોલિંગ વેળા બાતમી મળી હતી કે પાલેજ-ઇખર રોડ પર આવેલા રાજાનગર ત્રણ રસ્તા પાસેની એક ચા-નાસ્તાની દુકાન નજીક ખુલ્લી જગ્યામાં આંક-ફરકનો જુગાર ચાલી રહ્યો છે. પોલીસે દરોડો પાડી આરીફ દીવાન (રહે.,સાસરોદ) અને બશીર નડિયાદી (રહે.,વલણ, તા.કરજણ)ને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસ તપાસમાં તેમની પાસેથી રૂ.14,300 રોકડા અને રૂ.20,000ની કિંમતના બે મોબાઈલ મળી કુલ રૂ.34,300નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કેસમાં અન્ય એક આરોપી મુનાફ ઉર્ફે રાજકુમાર વલી પટેલને પોલીસે વોન્ટેડ જાહેર કરાયો છે.

### તળાદમાં સ્વિમિંગ પુલમાં નાહવા પડેલા યુવકનું ડૂબી જતાં મોત

સાયણ: મૂળ મહારાષ્ટ્રના જલગાંવનો વતની પુરુષોત્તમ અશોક ચૌધરી (ઉં.વ.૨૨) હાલ ૨૧૯, અંબિકા નિકેતન, પીયૂષ પોઇન્ટ, જી.એચ.બી. રોડ, પાંડેસરા-સુરત શહેરમાં પરિવાર સાથે રહેતો હતો. પુરુષોત્તમ ગત રવિવાર, તા.૨૨ના રોજ ઓલપાડના તળાદના અક્ષય રિસોર્ટમાં મિત્રો સાથે રજાની મઝા માણવા આવ્યો હતો. જ્યાં બધા મિત્રો બપોરે 3:30 કલાકે રિસોર્ટના સ્વિમિંગ પુલમાં નાહવા માટે પડ્યા હતા. એ વખતે પુરુષોત્તમ ચૌધરી અચાનક સ્વિમિંગ પુલના પાણીમાં ડૂબી જતાં ઓલપાડના સરકારી દવાખાનામાં લાવવામાં આવ્યો હતો. ત્યાં તેની હાલત વધુ લથડતાં એમ્બ્યુલન્સમાં ફરજ પરના ડોક્ટરે તપાસી તેને મૃત જાહેર કર્યો હતો.

### અંકલેશ્વરમાં પોલીસકર્મીઓ માટે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો

અંકલેશ્વર: અંકલેશ્વર-હાંસોટ રોડ પર આવેલી નર્મદા લાઈફ લાઈન હોસ્પિટલ ખાતે પોલીસકર્મીઓ માટે વિનામૂલ્યે બેદિવસીય મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું હતું. હોસ્પિટલના નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, હૃદય સંબંધિત ચકાસણી કરવામાં આવી હતી.


Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar The Revenge
11:00am, 12:00pm, 01:00pm, 03:30pm, 04:30pm, 05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૨૧/૨૦૨૬
તા.૦૯/૦૩/૨૦૨૬

વાદી :- ઐયુબ આદમ ઈસ્માઈલ લેહરી, રહે.ખરોડ, ખાલપીયા ફળિયું, તા.અંકલેશ્વર, જી.ભરૂચ-૩૯૪૧૧૫.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- (૧) મામલતદારશ્રી માંગરોળ, તા.માંગરોળ, જી. સુરત, (૨) જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી સીમોદરા ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૫

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈશમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ઐયુબ આદમ ઈસ્માઈલ લેહરી, રહે.ખરોડ, ખાલપીયા ફળિયું, તા.અંકલેશ્વર, જી.ભરૂચ-૩૯૪૧૧૫એ તેઓના પોતે ઐયુબ આદમ ઈસ્માઈલ લેહરીનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ઐયુબ આદમ ઈસ્માઈલ લેહરી ૨. જન્મ તારીખ: ૦૬/૦૩/૧૯૪૯ ૩. જન્મનું સ્થળ: મોજે.સીમોદરા, તા.માંગરોળ, જી.સુરત.

સબબ, ઉપરોક્ત વિગતે ઐયુબ આદમ ઈસ્માઈલ લેહરીના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત